
# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ



## ૮ મો વાર્ષિક અહેવાલ

## ૨૦૦૭-૦૮



# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

## નવમો વાર્ષિક અહેવાલ
## વર્ષ : ૨૦૦૭-૦૮

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
Librery
No.............

પહેલોમાળ, નેપચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

પહેલોમાળ, નેપચ્યુન ટાવર, નહેરૂબ્રીજ સામે,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

વીજળી અધિનિયમ-૨૦૦૩ ની કલમ૧૦૫(૨) અન્વયે આવશ્યકતા પ્રમાણે નાણાંકિય વર્ષ ૨૦૦૭-૦૮ નો આયોગ નવમો વાર્ષિક અહેવાલ રજૂ કરે છે.

**પી. એસ. શાહ આઈ.એ.એસ.**
**સચિવ**
**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ**

# વિષય સૂચિ


સંક્ષેપાક્ષર

વિશિષ્ટતા ........ ૧

૧. **આયોગનો વ્યવસ્થા ચાર્ટ** ........ ૨

(ક) આયોગ

(ખ) આયોગની કચેરી

(ગ) કર્મચારી વર્ગ

(ઘ) માળખું

૨. **આયોગનાં કાર્યો** ........ ૪

૩. **પ્રવૃતિઓ, ૨૦૦૭-૦૮** ........ ૫

(ક) ટેરિફ નકકી કરવી

(ખ) ધોરણ સ્થાપવાં

(ગ) ખુલ્લા ઉપલભ્ય ચાર્જ અંગે નિયંત્રક પ્રવૃતિ

(ઘ) જાહેર કરેલા એવોર્ડ અને કરેલા હુકમો

(ચ) વિવાદ અને મતભેદનો ન્યાય નિર્ણય

(છ) લાયસન્સ આપવા

(જ) રાજય સલાહકાર સમિતિ અને તેનાં કાર્યો

(ઝ) આયોગે કરેલા બીજા કાર્યો

૪. **હિસાબના વાર્ષિક પત્રકો** ........ ૧૪


# જોડાણો


**જોડાણ-૧.૧** આયોગની અંદરના અધિકારીઓ / કર્મચારીઓ ........ ૧૬

**જોડાણ-૧.૨** આયોગનો વ્યવસ્થા ચાર્ટ ........ ૧૬

**જોડાણ-૨.૧** આયોગો અધિસુચિત કરેલા વિનિયમોની યાદી ........ ૧૭

**જોડાણ-૩.૧** નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮માં અરજીઓનો નિકાલ ........ ૧૮

**જોડાણ-૩.૨** નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮માં અપીલનો નિકાલ ........ ૨૦

**જોડાણ-૩.૩** ૨૦૦૭ -૦૮ ના નાણાકીય વર્ષમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમના હુકમ વિરૂધ્ધની રજૂઆતોની વિગત.... ૨૧

**જોડાણ-૩.૪** ૨૦૦૭ -૦૮ ના નાણાકીય વર્ષમાં વિધુત લોકપાલની કચેરીને મળેલ રજૂઆતોના પ્રકાર ........ ૨૧

# સંક્ષેપાક્ષર

| ક્રમ | સંક્ષેપાક્ષર | પુરૂ નામ |
|---|---|---|
| ૧ | ABT | ઉપલબ્ધતા આધારિત ટેરિફ |
| ૨ | ARR | વાર્ષિક મહેસૂલી જરૂરિયાત |
| ૩ | CEI | મુખ્ય વિદ્યુત નિરીક્ષક |
| ૪ | CERC | કેન્દ્રિય વિદ્યુત નિયંત્રક આયોગ |
| ૫ | CERS | ગ્રાહક શિક્ષણ અને સંશોધન સોસાયટી |
| ૬ | CGRF | ગ્રાહક તકરાર નિવારણ ફોરમ |
| ૭ | CIRE | કેન્દ્રીય ગ્રામીણ વીજળીકરણ સંસ્થા |
| ૮ | CPP | કેપ્ટીવ પાવર પ્લાન્ટ |
| ૯ | DGVCL | દક્ષિણ ગુજરાત વીજ કં. લિ. |
| ૧૦ | EI | વિદ્યુત નિરીક્ષક |
| ૧૧ | ESCI | ભારત ઈજનેરી સ્ટાફ કોલેજ |
| ૧૨ | FOIR | ભારતીય નિયંત્રક ફોરમ |
| ૧૩ | FPPPA | બળતણ શક્તિ ખરીદી સમાયોજના |
| ૧૪ | GEB | ગુજરાત વિદ્યુત બોર્ડ |
| ૧૫ | GERC | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ |
| ૧૬ | GETCO | ગુજરાત એનર્જી ટ્રાન્સમિસન કં. લિ. |
| ૧૭ | GSECL | ગુજરાત રાજ્ય વિજળી નિગમલિ. |
| ૧૮ | GUVNL | ગુજરાત ઉર્જા વિકાસ નિગમલિ. |
| ૧૯ | I.I.T | ભારતીય પ્રાદ્યોગિકી સંસ્થા |
| ૨૦ | IOC | ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન |
| ૨૧ | MGVCL | મધ્ય ગુજરાત વીજ કં. લિ. |
| ૨૨ | MYT | બહુવર્ષીય ટેરિફ |
| ૨૩ | PDCRC | કાયમી બંધ જોડાણને ફરી જોડાણના ચાર્જ |
| ૨૪ | PGVCL | પશ્ચિમગુજરાત વીજ કં. લિ. |
| ૨૫ | POC | સમાંતર કામગીરી ચાર્જ |
| ૨૬ | PPA | વીજ ખરીદી કરાર |
| ૨૭ | SSNL | સરદાર સરોવર નિગમલિ. |
| ૨૮ | TPL | ટોરેન્ટ પાવર લિ. |
| ૨૯ | UGVCL | ઉત્તર ગુજરાત વીજ કં. લિ. |

# વિશિષ્ટતા - ૨૦૦૭-૦૮

■ ટોરેન્ટ પાવર લી. ની વાર્ષિક મહેસુલ જરૂરીયાત લક્ષમાં લઈ નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ માટે હુકમનં. ૯૧૪, તા. ૩૧-૭-૨૦૦૭ થી ટેરિફ નક્કી કરવા અંગેનો આદેશ કરવામાં આવેલ છે. ટોરેન્ટ પાવર લિ. ના છૂટક ટેરિફ યથાવત રાખવામાં આવ્યા. ટોરેન્ટ પાવર લિ. માટે હુકમનં. ૯૧૫/૨૦૦૭. તા. ૩૧-૭-૨૦૦૭ થી બળતણશક્તિ ખરીદી સમાયોજના FPPPA ને મંજુરી આપવામાં આવી છે.

■ આયોગે તા. ૨૦-૧૨-૨૦૦૭ થી બહુવર્ષીય ટેરિફ માટે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ, બહુવર્ષીય ટેરિફ માળખા માટે પ્રથમ નિયંત્રણ ગાળો ત્રણ વર્ષનો રાખવામાં આવ્યો. (નાણાકીય વર્ષ ૨૦૦૮-૦૯ થી નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧) બહુવર્ષીય ટેરિફની શરૂઆત તા.૧-૪-૨૦૦૮ થી થાય છે.

■ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા લાંબાગાળા માટે વીજ પુરવઠા ખરીદવા માટે હુકમ નં. ૪ સને ૨૦૦૭ તા. ૨૯-૧૨-૨૦૦૭ થી ટેરિફ નક્કી કર્યા તથા ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા સ્પર્ધાત્મક બોલીથી ૩૨૦૦ મેગાવોટની વીજ ખરીદી કરારથી પ્રાપ્તિ માટે મંજુરી આપી.

■ વર્ષ દરમ્યાન એક કેપ્ટીવ પાવર પ્લાન્ટ સંબંધિત અરજી સહિત ૩૭ અરજીઓ અને ૧ અપીલનો નિકાલ કરવામાં આવ્યો.

■ સને ૨૦૦૬-૦૭ ના વાર્ષિક હિસાબો અને વાર્ષિક વહીવટી અહેવાલ રાજ્ય વિધાનસભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો.
ક્રોસ સબસીડી સરચાર્જ ઘટાડીને તા. ૧-૪-૨૦૦૭ થી રૂ. ૧.૩૫ થી રૂ. ૧.૦૦ કરવામાં આવ્યો. નાના અને અતિ નાના હાઈડ્રોપ્રોજેક્ટ દ્વારા ઉત્પન થતી વિધુત માટેના ટેરીફ પીટીશન નં. ૮૫૩/૨૦૦૫ તા. ૧૪-૬-૨૦૦૭થી નક્કી કરવામાં આવ્યા.

■ બાયોમાસ ગેસ આધારીત વિજ ઉત્પાદન એકમો પાસેથી વિતરણ પરવાનેદારો માટેના વીજ પ્રાપ્તિના દર હુકમનં. ૨/૨૦૦૭ તા. ૧૭-૮-૨૦૦૭ અન્વયે નિર્ધારીત કર્યા.

■ **વર્ષ દરમ્યાન નીચેના અગત્યના પ્રસંગો યોજવામાં આવ્યા હતા.**

- રાજ્ય સલહકાર સમિતિની બેઠક તા. ૧૭-૧૨-૨૦૦૭ થી યોજવામાં આવી હતી.
- ગ્રાહક તકરાર નિવારણ ફોરમની બેઠક તા. ૨૯-૧૨-૨૦૦૭ ના રોજ યોજવામાં આવી હતી.
- સ્ટેટ કો.ઓર્ડિનેશન ફોરમની બેઠક ૨, જાન્યુઆરી ૨૦૦૮ ના રોજ યોજવામાં આવી.
- કમિશનની વેબસાઈટને વધુ આકર્ષક તથા સરળ રીતે સંબંધિતને જાણકારી મળી શકે તેવી બનાવવામાં આવી.
- તા. ૧૫ મી સપ્ટેમ્બર ૨૦૦૭ આયોગના ચેરમેન અને સભ્ય (ટેકનીકલ) એ જર્મની તથા સ્પેનની મુલાકાત લઈ ત્યાંના નિયંત્રકો સાથે વિચાર-વિમર્સ કર્યો તથા પુર્નપ્રાપ્ત વિદ્યુત ઉત્પાદનના અુમક એકમોની મુલાકાત લીધી.
- ભારતીય નિયંત્રકોના ફોરમની ૨૧મી સામાન્ય સભાની બેઠક ખુબ સુવ્યવસ્થિત પણે ગાંધીનગર (ગુજરાત) ખાતે યોજવામાં આવી. આ બેઠકમાં ગુજરાત રાજ્ય / ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે વિદ્યુત ક્ષેત્રે પ્રાપ્ત કરેલ સિદ્ધિઓને કેન્દ્ર સ્થાને રાખી તે અંગેની વિગતો વિવિધ ફોરમના ધ્યાને મૂકવામાં આવેલ. ભારતના મોટાભાગના રાજ્યના વિદ્યુત નિયંત્રક આયોગના ચેરમેનશ્રી તથા સભ્યશ્રીઓએ આ બેઠકમાં ભાગ લીધો હતો. સભ્યશ્રીઓ દ્વારા આ બેઠકને ''અવિસ્મરણીય'' પ્રસંગ ગણાવીને પ્રશંસા કરવામાં આવેલ હતી.

# ૧ આયોગનો વ્યવસ્થા ચાર્ટ

**(ક) આયોગ :**

ગુજરાત વિદ્યુત નિયંત્રણ ધારા ૧૯૯૮ ની કલમ૧૦ હેઠળ ગુજરાત સરકારના તા. ૧૨-૧૧-૯૮ ના જાહેરનામાથી ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની રચના કરવામાં આવી. આયોગે. તા. ૧-૪-૯૯ થી તેની કામગીરી શરૂ કરી છે.

આયોગ વૈધાનિક એકમ છે. જેમાં ચેરમેન તથા બે સભ્યો હોય છે. ગુજરાત વિદ્યુત ઉદ્યોગ (પુર્નગઠન અને નિયમન) ધારો. ૨૦૦૩ ની કલમ-૩ (૧) તેમજ વિદ્યુત અધિનિયમ૨૦૦૩ ની કલમ-૮૨ હેઠળ આયોગને પ્રથમઆયોગ તરીકે ગણેલ છે. નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન શ્રી જી. સુબ્બારાવ આયોગના ચેરમેન હતા. શ્રી કે. પી. ગુપ્તા, સભ્ય (નાણા) તથા ડો. મનમોહન, સભ્ય (તાંત્રિક) તરીકે હતા. શ્રી જી. સુબ્બારાવ તા. ૬-૧-૨૦૦૮ ના રોજ નિવૃત થયેલ છે.

**(ખ) આયોગની કચેરી:**

તા. ૧-૯-૨૦૦૧ થી આયોગની કચેરી નેપ્ચ્યુન ટાવર, પહેલો માળ, આશ્રમરોડ ખાતેથી ફરજ બજાવે છે. શ્રી પી. એસ. શાહ, આઈ.એ.એસ. તા. ૧૫-૯-૨૦૦૪ થી આયોગની કચેરીના સચિવ તરીકે હવાલો સંભાળેલ છે.

(ગ) આયોગની કચેરી નેપચ્યુન ટાવર, પહેલો માળ નહેરૂબ્રીજ સામે, આશ્રમરોડ પર સાબરમતી નદીના કિનારાની નજીક અમદાવાદમાં ભાડાના મકાનમાં કાર્યરત છે. વાર્ષિક અહેવાલ વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ ની કલમ-૧૦૫ (૧) નીચે તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.

(૧) 'રાજ્ય આયોગ દર વર્ષે અને નિર્ધારીત કરેલા સમયે આગળના વર્ષના થયેલ વાર્ષિક અહેવાલ તૈયાર કરશે. આ અહેવાલની નકલો રાજ્ય સરકારને મોકલશે.' (૨) 'પેટા કલમ(૧) નીચે તૈયાર કરેલ રીપોર્ટની નકલો મળ્યા બાદ શક્ય તેટલી જલ્દી રાજ્ય વિધાનસભાને રજુ કરવામાં આવશે.'

**(ગ) કર્મચારી વર્ગ :**

આયોગનો કર્મચારી વર્ગ સીધી ભરતીથી અથવા કરારના ધોરણે અથવા પ્રતિનિયુક્તિના ધોરણે નિમવામાં આવે છે.

જોડાણ: ૨.૧ માં સ્ટાફની સ્થિતિ અને જોડાણ ૨:૨ માં વ્યવસ્થા ચાર્ટ દર્શાવેલ છે.

**(ઘ) માળખું :**

આયોગની કચેરી કોર્ટરૂમથી સુસજ્જ છે. જેમાં, પીટીશન અને અપીલો સાંભળવાની કામગીરી કરવામાં આવે છે. આયોગની કચેરીમાં બેઠકો યોજવા માટે 'પરિષદ ખંડ' ની પણ સગવડ છે.

પદધારી કર્મચારી વર્ગ અને તેમના હોદ્દા નીચે આપ્યા છે.

| ક્રમ નં. | કર્મચારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી પી. એસ. શાહ | સચિવ |
| ૨. | શ્રી એમ. એન. ખલ્યાણી | નાયબ નિયામક (વહીવટ અને હિસાબ) |
| ૩. | શ્રી બી. એસ. જયસ્વાલ | કાનુની સલાહકાર |
| ૪. | શ્રી આર. એચ. શાહ | નાયબ નિયામક (ટેકનિકલ-૧ |
| ૫. | શ્રી. ડી. આર. પરમાર | નાયબ નિયામક (ટેકનિકલ-૨) |
| ૬. | શ્રી. એસ. આર. પાંડેય | નાયબ નિયામક (કાનૂન) |
| ૭. | શ્રી જે. બી. શેલત | હિસાબી અધિકારી |
| ૮. | શ્રી. ડી. આર. પરમાર | એક્ઝીક્યુટીવ |
| ૯. | શ્રી. ડી. ટી. શાહ | એક્ઝીક્યુટીવ |
| ૧૦. | શ્રી. એન. બી. પટેલ | એક્ઝીક્યુટીવ |
| ૧૧. | શ્રીમતી ડી. એસ. મહેતા | એક્ઝીક્યુટીવ |
| ૧૨. | શ્રી કે. એલ. કાયસ્થ | એક્ઝીક્યુટીવ |
| ૧૩. | શ્રી પી. આર. શશી | અંગત મદદનીશ |
| ૧૪. | શ્રી બેબી વર્ગીસ | અંગત મદદનીશ |
| ૧૫. | શ્રી આર. જી. પિલ્લાઈ | અંગત મદદનીશ |
| ૧૬. | શ્રીમતી પી. એ. ક્રિશ્ચિયન | અંગત મદદનીશ |
| ૧૭. | શ્રી આર. પી. નાયર | અંગત મદદનીશ |

## ૨ આયોગના કાર્યો

**આદેશ :**

વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ થકી વિદ્યુત ઉત્પાદન, પ્રવાહન, વિતરણ, વેપાર અને ઉપયોગને લગતા કાયદા એકત્રિત કરવા આયોગને અધિકૃત કરેલ છે. સામાન્યતઃ વિદ્યુત ઉદ્યોગના વિકાસને સહાયક પગલાં લે છે. સ્પર્ધાને પ્રોત્સાહન પુરૂ પાડે છે. ગ્રાહકોના હિતનું રક્ષણ કરે છે. તમામવિસ્તારોને વિદ્યુત પુરી પાડે છે. વિદ્યુત ટેરિફનું સુયોજન કરે છે. સહાયકી અંગે પારદર્શક નીતિ નિશ્ચિત કરે છે. કાર્યક્ષમઅને પર્યાવરણની દ્રષ્ટિએ હિતકારી નીતિને ઉત્તેજન આપે છે.

ગ્રાહકો તથા વિદ્યુત પુરવઠાકારના હિતને ધ્યાનમાં લઈને ખુલ્લા, ભેદભાવ વિનાના, સ્પર્ધાત્મક બજારલક્ષી પર્યાવરણમાં વિદ્યુતશક્તિ સેકટરના વિકાસને સહાયક માળખું ઉભું કરવાનો અધિનિયમનો ઉદેશ છે.

**કાર્યો :**

**વિદ્યુત અધિનિયમ૨૦૦૩ અનુસાર, આયોગે નીચેનાં કાર્યો કરવાનાં છે.**

(ક) રાજયની અંદરના યથાપ્રસંગ જથ્થાબંધ, બલ્ક અથવા છુટક વિદ્યુતના ઉત્પાદન, પુરવઠા, પ્રવાહન અને વ્હીલીંગ માટે ટેરિફ નકકી કરવી. પરંતુ કલમ૪૨ હેઠળ ગ્રાહકોની કક્ષાને ખુલ્લા પ્રવેશની પરવાનગી અપાઈ હોય ત્યાં, રાજય આયોગ ગ્રાહકોની ઉકત કક્ષા માટે ફકત વ્હીલીંગ ચાર્જ અને તે પર કોઈ સરચાર્જ હોય, તો તે નકકી કરે છે.

(ખ) રાજયની અંદર વિતરણ અને પુરવઠા માટે વિદ્યુત શકિતની ખરીદી માટેના કરાર મારફત વીજ ઉત્પાદક કંપનીઓ, અથવા પરવાનેદારો અથવા બીજા સ્ત્રોતોમાંથી પ્રાપ્ત કરવાના વિદ્યુતની કિમંત સહિત વિદ્યુતની ખરીદી અને વિતરણ લાયસન્સદારની પ્રાપ્તિ પ્રકિયાનું વિનિયમન કરવું.

(ગ) આંતર - રાજય વીજ પ્રવાહન અને વ્હીલીંગને સગવડ કરી આપવી.

(ઘ) રાજયની અંદર પ્રવાહન પરવાનેદારો, વિતરણ પરવાનેદારો અને વીજળીના વેપારીઓ તરીકે કામકરવા માંગતી વ્યકિતઓને તેમની કામગીરી માટે પરવાના આપવા.

(ચ) ગ્રીડ સાથેના જોડાણ કરવા તથા કોઈ વ્યકિતને વીજળીનું વેચાણ કરવા યોગ્ય પગલાં લઈને વીજળીના નવીની કરણ પ્રાત્ર સાધનો માંથી વીજળીના સહ-ઉત્પાદન અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવું. અને આવા સાધનોમાંથી વીજળીની ખરીદી માટે વિતરણ પરવાનાના ક્ષેત્રમાં વીજળીનાં વપરાશની ટકાવારી પણ નિર્દિષ્ટ કરવી.

(છ) પરવાનેદારો અને વીજ ઉત્પાદન કંપનીઓ વચ્ચેની તકરારનો ન્યાય નિર્ણય આપવો અને કોઈ તકરાર લવાદને સોપવી.

(જ) આ અધિનિયમના હેતુઓ માટે ફીનું ધોરણ નકકી કરવું.

(ઝ) કલમ-૭૯ની પેટા કલમ(૧) ના ખંડ (ઝ) અન્વયે નિર્દિષ્ટ કરેલ ગ્રીડ - કોડ સાથે સુસંગત રાજય ગ્રીડ - કોડ નિર્દિષ્ટ કરે છે.

(ટ) પરવાનેદારોની સેવાની ગુણવત્તા, સાતત્ય અને વિશ્વશનીયતા અંગેના ધોરણો નિર્દિષ્ટ કરવા કે અમલ કરવો.

(ઠ) જરૂરી જણાય તો, વીજળીના આંતર-રાજય વેપારમાં વેપારની સીમા (માર્જીન) નકકી કરવી.

(ડ) વીજ - ખરીદી સમજુતીઓની મંજુરી અને

(ઢ) આ અધિનિયમહેઠળ સોપેલા આવા બીજા કાર્યો બજાવવાં.

(થ) તદ્ઉપરાંત વીજ અધિનિયમ, ૨૦૦૩ તથા તે નીચે નકકી થયેલાં નિયમો હેઠળ નિયત થયેલાં અન્ય કાર્યો પણ આયોગને સોપાયેલ છે. આયોગ દ્વારા વિનિયમને લગતાં બહાર પાડવામાં આવેલા જાહેરનામા પરિશિષ્ટ ૨.૧ માં દર્શાવેલ છે.

## ૩. નાણાકીય વર્ષ : ૨૦૦૭-૦૮ દરમ્યાન પ્રવૃત્તિઓ :

(ક) ટેરિફ નક્કી કરવી :

**(૧) ટોરેન્ટ પાવર લિ. ની નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ માટે વાર્ષિક મહેસુલી જરૂરીયાત (અરજ નં. ૯૧૪/૨૦૦૭ હુકમતા. ૩૧-૭-૨૦૦૭)**

- ટોરેન્ટ પાવર લિ. ની નાણાંકીય વર્ષ ૨૦૦૭-૦૮ માટે વાર્ષિક મહેસુલી જરૂરીયાત (ARR) તથા જથ્થાબંધ/ છૂટક પુરવઠા માટે ટેરિફ નિર્ધારણની અરજી દાખલ કરી આયોગે ટોરેન્ટ પાવર લિ. ની રૂ. ૨૮૨૦.૦૮ કરોડની છૂટક પુરવઠાની ટેરિફને મંજુરી આપી.
- આયોગે ટોરેન્ટ પાવર લિ. નો રૂ. ૨૪.૨૯ કરોડનો ગાળો (gap) મંજુર રાખ્યો.
- ટીપીએલના ખુલ્લા ઉપલબ્ધ (ઓપન એક્સેસ) ગ્રાહકો માટે રૂ. ૨૨૦૫ પ્રતિ મેગાવોટ પ્રતિદિન વ્હીલીંગ ચાર્જ અમલી કરેલ છે. આયોગે ૪.૩૫ % વ્હીલીંગ લોસ (૧૧ કે. વી. ના ડીલીવરી પોઈન્ટ માટે ૯.૨૬% (૪૦૦ વોલ્ટના ડીલીવરી પોઈન્ટ માટે) અને ૪.૯૧% ૪૦૦ વોલ્ટના ઈન્જેકશન અને ૪૦૦ વોલ્ટના ડીલીવરી પોઈન્ટ માટે મંજુર કર્યો.
- આયોગે ટી.પી.એલના (અન્ય વિતરણ કંપનીના સમાન) ખુલ્લા ઉપલબ્ધ ગ્રાહકો માટે સામી સહાયકી સરચાર્જ રૂ. ૧.૦૦ પ્રતિ યુનિટ આ અંગે લાયસન્સ વિસ્તાર માટે નવી નીતિ નક્કી ન થાય ત્યાં સુધી નિયત કર્યો.

**(૨) બળતણ શક્તિ ખરીદી સમાયોજનાનું ટોરેન્ટ પાવર લિ. માટે નિર્ધારણ હુકમ (અરજી નં. ૯૧૫/૨૦૦૭ તા. ૩૧-૭-૨૦૦૭)**

- આયોગે ટોરેન્ટ પાવર લીમીટેડની બળતણ શક્તિ ખરીદી સમાયોજનાની અરજી દાખલ કરી. બળતણ શક્તિ ખરીદી સમાયોજનાની ફોર્મ્યુલા અન્ય વિતરણ કંપનીઓની બળતણ શક્તિ ખરીદી યોજનાની પરિભાષા અનુસાર જરૂરી ફેરફારો બાદ હુકમનં. ૯૧૫/૨૦૦૭ તા. ૩૧-૭-૨૦૦૭ થી મંજુર કરી.
- બળતણ શક્તિ ખરીદી સમાયોજના ઈજાફાયુક્ત ઉર્જા ચાર્જના સ્વરૂપમાં ઉર્જા વપરાશન સમપ્રમાણમાં ઉર્જા બીલના ભાગરૂપે માસિક / દ્વિમાસિક અથવા અન્ય સામયિક ધોરણે વસુલ કરવાપાત્ર રહેશે.
- આ ફોર્મ્યુલા તા. ૧-૧૦-૨૦૦૭ થી શરૂ થતા ત્રિમાસિક થી અમલી બનેલ છે.

**(૩) હુકમ નં. ૪/૨૦૦૭ બીડ સ્પેસીફીકેશન નં. ૧/એલટીટીપી/૨૦૦૬, ૦૨/એલટીપી(૨૦૦૬ અન્વયે લાંબા ગાળાના ધોરણે વીજ પુરવઠાના ટેરિફ નિયત કરવા:**

ગુજરાત ઉર્જા વિકાસ નિગમલિ. એ વિદ્યુત અધિનિયમની કલમ-૬૩ હેઠળ લાંબા ગાળાના વીજ પુરવઠા માટે ૩૨૦૦ મેગાવોટની કુલ ક્ષમતા માટે સ્પર્ધાત્મક બોલી પ્રક્રિયા બીડ નં. ૦૧/એલટીટીપી/૨૦૦૬/, ૦૨/એલટીપી/૨૦૦૬ અને ૦૩/એલટીપીપી/૨૦૦૬ અન્વયે ટેરિફ નક્કી કરવા અરજી કરેલ હતી.

સફળ બોલી બોલનાર દ્વારા ટાકવામાં આવેલ ટેરીફના દર આયોગે વીજ ખરીદી કરારની શરતો અને બોલીઓને આધીન મંજુર કર્યા. સફળ બોલી બોલનાર નીચે મુજબ હતા.

| બોલી બોલનારનું નામ | બોલી પ્રક્રિયા | શક્તિ મે. વોટમાં | કુલ સમતલ ટેરિફ રૂ. કિ. વોટ |
|---|---|---|---|
| અદાણી એન્ટરપ્રાઈઝીસ લી. | બોલી નં. ૧ | ૧૦૦૦ | ૨.૮૯૦૦ |
| આર્યન કોન્સોર્ટિયમ | બોલી નં. ૨ | ૨૦૦ | ૨.૨૪૯૮ |
| અદાણી કોન્સોર્ટિયમ | બોલી નં. ૨ | ૧૦૦૦ | ૨.૩૪૯૫ |
| એસ્સાર પાવર લિ. | બોલી નં. ૩ | ૧૦૦૦ | ૨.૪૦૦૬ |
| | ટોટલ | ૩૨૦૦ મે.વોટ | |

ગુજરાત ઉર્જા વિકાસ નિગમલિ. એ. સ્પર્ધાત્મક બોલી પ્રક્રિયા અન્વયે કેસ નં. ૧ હેઠળ ૨૦૦૦ મેગાવોટની લાંબાગાળાના ધોરણે ઉર્જા પ્રાપ્તિ માટે અનુમતિ માંગેલ હતી. આયોગે ગુજરાત ઉર્જા વિકાસ નિગમલિ. ને વધારાના ૨૦૦૦ મેગાવોટની વિદ્યુત પ્રાપ્તિ માટે અગાઉની મંજુરી અનુસાર બોલીના દસ્તાવેજો તૈયાર કરવા અનુમતિઓ આપેલ હતી.

(૩) **સેવા ખર્ચ અંગે અભ્યાસ અહેવાલ :**

આયોગે ગુજરાત ઉર્જા વિકાસ નિગમને આપેલ નિર્દેશ અન્વયે પુર્નપ્રાપ્ત ઉર્જા રાહતના સ્થાપન પર ખર્ચ/લાભના ગુણોત્તરનો પૃથ્થકરણ અહેવાલ રજૂ કરવા જણાવેલ હતું. ગુજરાત ઉર્જા વિકાસ નિગમલિ. એ સેવા ખર્ચનો અહેવાલ તા. ૭ મી સપ્ટેમ્બર-૨૦૦૭ ના રોજ રજૂ કરેલ હતો. જેમાં સમગ્ર રાજયને એક જ વિતરણ વિસ્તાર તરીકે ગણેલ હતો. સેવા પાછળ થતા ખર્ચ અહેવાલના આધારે ચોક્કસ સમયાંતરે સામી સહાયકી ઘટાડવા એક રોડમેપ આયોગે તૈયાર કરેલ અને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા રજુ કરવામાં આવેલ કક્ષા વાર સેવા અંગેનો ખર્ચ અહેવાલ વેબસાઈટ પર પ્રદર્શિત કરીને જાહેર જનતા/હિત સંબંધી તરફથી તા. ૧૫-૧-૨૦૦૮ સુધીમાં જરૂરી સલાહ સૂચનો મંગાવેલ હતા. પાંચ હિત સંબંધીઓએ આ અંગે જરૂરી સૂચનો મોકલેલ હતા. જેના અનુસંધાને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. એ તેઓને જવાબ પાઠવીને આયોગને જવાબની નકલ મોકલેલ હતી.

(૪) **બહુવર્ષીય ટેરિફ માળખુ વિનિયમઃ (જાહેર નામા નં. ૧/૨૦૦૭ તા. ૨૦-૧૨-૨૦૦૭)**

આયોગે તા. ૨૦-૧૨-૨૦૦૭ ના જાહેરનામાથી બહુવર્ષીય ટેરિફ માળખું વિનિયમપ્રસિદ્ધ કરેલ છે. આ વિનિયમથી (૧) વીજ ઉત્પાદન કંપની તરફથી વિતરણ લાયસન્સદારને વીજ પુરવઠા માટે (૨) રાજયની અંદર વીજ પ્રવાહન (૩) રાજયની અંદર વિદ્યુત વ્હીલીંગ માટે (૪) વિદ્યુતના છુટક વેચાણ માટે આયોગ ટેરિફ નક્કી કરશે. બહુવર્ષીય ટેરીફ માળખાની ગણતરી સમયે વાર્ષિક મહેસુલી જરૂરીયાત તથા ટેરીફ અને ચાર્જીસની અપેક્ષિત આવક વિ. પરિબળોને ધ્યાને લેવાશે.

(ક) એકંદર મહેસુલી જરૂરીયાત અને પ્રવર્તમાન ટેરીફ અને ચાર્જીસથી અપેક્ષિત આવકના અંદાજની માહિતી નિયંત્રણ સમય શરૂ થતાં અગાઉ અરજદારે આયોગ સમક્ષ રજુ કરવાની તથા આયોગે મંજુર કરવાની રહેશે.

(ખ) અરજદારે રજુ કરેલ એકંદર મહેસુલી જરૂરીયાત અને નિયંત્રણ સમય દરમ્યાનની ટેરીફ તથા ચાર્જની અપેક્ષિત આવક તેના આધારિત નાણાકીય તથા અમલીકરણ પરિબળોને લક્ષમાં લઈને અંદાજીત થયેલી હોવી જોઈએ.

(ગ) નિયંત્રણ સમયના આધાર વર્ષના મૂલ્ય નિર્ધારણ માટે, આયોગ અદ્યતન ઓડિટ થયેલા હિસાબો ધ્યાને લઈ શકશે. આધાર વર્ષના પ્રથમ છ માસના ખરેખર આંકડા તથા આયોગને અન્ય જે કોઈ પ્રસ્તુત પરિબળો જણાય તેને પણ લક્ષમાં લેવામાં આવશે.

(ઘ) આયોગ, નિયંત્રણ સમય દરમ્યાનના વ્હીલીંગ ઉદ્યોગ તથા પુરવઠા ઉદ્યોગના જુદા જુદા પરિમાણોની મૂળભુત માહિતીને સ્વતંત્ર પૃથ્થકરણ કરાવશે જેના આધારે નિયંત્રણ સમયના યોગ્ય તથા જરૂરી હોય તે મુળભુત મૂલ્યાંકોમાં સુધારા-વધારા થઈ શકશે.

(ચ) આયોગ ટ્રેજકટરી માટે નિશ્ચિત ચલ નિયત કરી શકશે કે જેના આધારે કામગીરીની સુધારણા માટે પ્રોત્સાહક - બીન પ્રોત્સાહકોની માંગણી અંગે નિર્ણય થઈ શકે.

(છ) આયોગ ટેરિફના નિર્ધારણ માટે ટ્રેજકટરી અંગેનાં ચોકકસ ચલનો વિગતે નિર્દેશ કરી શકશે.

(અ) ઉત્પાદન મથકો

(બ) ઉત્પાદન કંપની અને/અથવા

(ક) ઉત્પાદન ઉદ્યોગ માટે લાયસન્સના બારામાં

આયોગે વિદ્યુત ખરીદી કરારના કોઈપણ માન્ય સમજુતી કરારમાં આવી નિશ્ચિત ટ્રેજકટરીને માન્ય રાખેલ હોય તો તેને આધીન રહેશે.

(જ) વાર્ષિક કામગીરીની તથા મંજુર થયેલા અંદાજો અને ખરેખર ચલનીય કે જેમાં કામગીરીને અસરકર્તા પરિબળો (જે નિયંત્રણ થઈ શકે તેવા) અને નિયંત્રણ ન થઈ શકે તેવી બે કક્ષામાં વિભાજીત કરીને ફેરતપાસણી કરવાની રહે છે.

(ઝ) ઉત્પાદન કંપની / લાયસન્સદાર દ્વારા નિયંત્રણ ન થઈ શકે તેવાપરિબળોને ધ્યાનમાં રાખી તૈયાર થયેલ તથા આયોગે મંજુર કરેલો પૂર્વધારણા સાથે ખરેખર થયેલ કામગીરીના આધારે પ્રાપ્ત થયેલ લાભ કે ખોટની તુલનાત્મક માહિતી તૈયાર થશે.

(ટ) નિયંત્રણક્ષમ પરિબળોને ધ્યાને રાખી ઉત્પાદન કંપની/વિતરણદારના આયોગે મંજૂર કરેલા અંદાજો તથા ખરેખર પ્રાપ્ત થયેલ લાભ/ખોટ વચ્ચેના તફાવત બાબતે અલગથી વ્યવસ્થા ગોઠવવી.

(ઠ) નિયંત્રણ સમય દરમિયાનના પ્રત્યેક નાણાકીય વર્ષ માટે મંજૂર થયેલા અંદાજો અને ખરેખર થયેલ વાર્ષિક કામગીરીના આધારે વાર્ષિક ટેરીફ નક્કી થશે.

**(ક) મુખ્ય હુકમો :**

**અરજી નં. ૮૮૭/૨૦૦૭ મે. દાવરીયા બ્રધર્સમાં થયેલ હુકમ (હુકમ નં. ૨/૨૦૦૭ તા. ૧૭-૮-૨૦૦૭)**

આયોગે બાયોમાસ ગેસીફીકેશન આધારિત ઉત્પાદન પ્રાયોજના થકી વિદ્યુત પ્રાપ્તિ માટે સમગ્ર પ્રાયોજના સમય ૨૦ વર્ષ માટે રૂ. ૩.૦૮ (સતત) ટેરીફ નક્કી કરેલ છે.

**હુકમ નં. ૩/૨૦૦૭ તા. ૨૨-૮-૨૦૦૭**

- પ્રવાહન લાઈનના સમર્પિત ઉપભોક્તાઓ પાસેથી લેવાપાત્ર સંચલન તથા નિભાવ માટેના ચાર્જના દર આયોગે હુકમ નં. ૩/૨૦૦૭ તા. ૨૨-૮-૨૦૦૭ થી નક્કી કરેલા છે.
- પ્રવાહન લાઈનના સમર્પિત ઉપભોક્તાઓ પાસેથી અંદાજીત મૂડી ખર્ચના ૧.૫ % દરે સંચાલન અને નિભાવ માટે ચાર્જ વસૂલ કરવાપાત્ર રહેશે અને દર વર્ષે ૫% ના દરે તેમાં વૃદ્ધિ થશે.
- પ્રવાહન લાઈનના અને એસોસીયેટેડ બે ના અંદાજીત ખર્ચની માહિતી ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (લાયસન્સદારના પુરવઠા પૂરા પાડવાના ખર્ચ અને અન્ય પરચુરણ ખર્ચ વસુલીના હક્ક) વિનિયમ, ૨૦૦૫ - અન્વયે પ્રકાશિત વાર્ષિક પ્રકાશનમાં દર્શાવેલ ખર્ચની અદ્યતન માહિતી આધારીત રહેશે. (જાહેરનામા નં. ૯/૨૦૦૫)
- રાજ્યની અંદરના વિતરણ લાયસન્સદારોને નિયત નમૂનામાં ત્રિમાસિક કામગીરી અહેવાલ તથા વિનિયમન માહિતી અહેવાલ આયોગના હુકમ અન્વયે આયોગને મોકલવાના રહેશે.
- વિદ્યુત (સુધારા) અધિનિયમ, ૨૦૦૭ ની કલમ૧૩૫, હેઠળની બાબતો માટે પુરવઠા કાપવા માટે આયોગે વિતરણ લાયસન્સદારના અધિકારીઓને અધિકૃત કરતાં હુકમકરેલ છે.
- વિદ્યુત પુરવઠા સંહિતા સમીક્ષા પેનલની રચના જાહેરનામા નં. GERC/Supply Code-૨૦૦૫/૧, તા. ૧૦-૧૧-૨૦૦૫ થી કરવામાં આવી છે. જાહેરનામામાં દર્શાવેલ જોગવાઈ મુજબ પેનલમાં સભ્યોની મુદત બે વર્ષ માટેની રહેશે. વિદ્યુત પુરવઠા સંહિતા સમીક્ષા પેનલના વિદ્યમાન સભ્યોની મુદત આયોગે નવા હુકમો થાય ત્યાં સુધી લંબાવી આપેલ છે.

**(ખ) કામગીરીના ધોરણ નક્કી કરવા:**

તા. ૨૫-૭-૨૦૦૭ ના હુકમથી આયોગે વિતરણ લાયસન્સદારે રજૂ કરવાના કામગીરીના ધોરણો પ્રમાણેના અહેવાલ તથા રેગ્યુલેટરી ઈન્ફરમેશન રિપોર્ટના નમૂના નિયત કરેલ હતા. વિતરણ લાયસન્સદારે ૧૪.૭ ની જોગવાઈ અન્વયે આયોગને કામગીરી બજવણીના વિનિયમન ધોરણ તથા ખરેખર થયેલ કામગીરીના અહેવાલ રજૂ કરવાના રહે છે. આયોગ વિતરણ માટેના લાયસન્સદાર તરફથી ત્રિમાસિક, અર્ધવાર્ષિક તથા વાર્ષિક ધોરણે કામગીરીના પ્રમાણિત ધોરણ તથા વિનિયમનની માહિતી મેળવી રહેલ છે જે યથાવત આયોગની વેબસાઈટ પર સમયાંતરે મૂકવામાં આવી રહેલ છે.

વિતરણ માટેના લાયસન્સદાર પાસેથી મેળવવામાં આવતા કામગીરી પ્રમાણના અહેવાલમાં ફરીયાદ નિકાલ કેટલા સમયમાં કર્યો. ફરિયાદીના પ્રકાર અને ફરિયાદ નિવારણ માટે લીધેલા પગલાં. સુરક્ષા તથા વિશ્વસનીયતા માટેની કામગીરી, ગ્રાહક વિતરણદાર વચ્ચેની અન્ય બાબતોનો સમાવેશ થાય છે. ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (વિતરણ લાયસન્સદારના કામગીરીના ધારાધોરણ) વિનિયમો, ૨૦૦૫ જાહેરનામા નં. ૧૦/૨૦૦૫ થી થયેલ જોગવાઈ અન્વયે ઉપભોક્તા નિયત ધારાધોરણ મુજબની કામગીરી પુરી પાડવામાં નિષ્ફળ જવા બદલ વળતરના દાવો કરવા હક્કદાર છે. જીઈઆરસી (વિતરણ લાયસન્સદારના કામગીરીના ધારાધોરણ) વિનિયમ, ૨૦૦૫ જાહેરનામા - ૧૦, ૨૦૦૫ થી વળતરની રકમજે નક્કી કરવામાં આવી છે તે આ સાથે રજૂ કરી છે.

| ક્રમનં. | બનાવ | ચુકવવાપાત્ર વળતર |
|---|---|---|
| ૧ | વિનંતીની આધારે પુરવઠો આપવા અંગેનું શુલ્ક<br>(ક) નવા સર્વિસ જોડાણો<br>(ખ) વધારાનો વીજભાર<br>(ગ) કામચલાઉ પૂરવઠો<br>(ઘ) સર્વિસ જોડાણ બદલવું<br>(ચ) સર્વિસ જોડાણની તબદીલી<br>(છ) પ્રશુલ્કમાં ફેરફાર | વિલંબના દરેક દિવસ માટે રૂ. ૫૦-૦૦ |
| ૨ | બિલ અંગેની ફરિયાદ | મુદતની અંદર જવાબ ન મળવા માટે રૂ. ૫૦-૦૦ |
| ૩ | મીટરો બદલવા | લો-ટેન્શન જોડાણો માટે અધિકતમરૂ. ૨,૦૦ ને અધિન રહીને વિલંબના દરેક દિવસ માટે રૂ. ૨૫ અને હાયટેન્શન જોડાણો માટે અધિકતમરૂ. ૫૦૦૦ ને અધિન રહીને વિલંબના દરેક દિવસ માટે રૂ. ૨૫૦. |
| ૪ | વીજળી પુરવઠામાં અવરોધ | લો-ટેન્શન જોડાણ માટે અધિકતમરૂ. ૫૦૦ ને અધિન રહીને વીજપુરવઠાના પુનઃસ્થાપનમાં વિલંબના દર છ કલાક ( કે તેના ભાગ માટે) માટે રૂ. ૨૫ અને હાય ટેન્શન જોડાણ માટે અધિકતમરૂ. ૧૦૦૦ ને અધિન રહીને વીજપુરવઠાના પુનસ્થાપિત અંગે વિલંબના દર છ કલાક (કે તેના ભાગ માટે) માટે રૂ. ૫૦. |
| ૫ | વોલ્ટેજમાં વધઘટ અને ફરિયાદ | નિયત મુદતની અંદર મુલાકાત લેવા કે તારણો જણાવવામાં નિષ્ફળતા અંગે રૂ. ૫૦. |
| ૬ | ગ્રાહકોની ફરિયાદોના જવાબ આપવા | અધિકતમરૂ. ૫૦૦ ને અધિન રહીને વિલંબના દરેક દિવસ માટે રુ. ૨૫ |
| ૭ | ફરિયાદ હાથ ધરવી | ફરિયાદ હાથધરવામાં નિષ્ફળતા અંગે રૂ. ૨૫. |

**ખુલ્લી ઉપલબ્ધતાના દર અંગે વિનિયમન પ્રવૃત્તિઓ:**

**પ્રવાહન ચાર્જીસ :**

આયોગે વિદ્યુત અધિનિયમ૨૦૦૩ ની કલમ૪૨(૨) અન્વયે જેઓને ખુલ્લી ઉપલબ્ધતાની સવલતની મંજુરી મળેલ છે. તેઓ માટે પ્રવાહન ચાર્જ, નીચે મુજબ નિયત તેમજ મંજુર કરેલ છે.

દર

પ્રવાહન ચાર્જીસ સને ૨૦૦૭-૨૦૦૮ — રૂ. ૨૫૧૦/મે.વો./દિન<br>રૂ. ૭૬૫૨૧/મે.વો./માસ

**વત્તા**

ઉર્જા ખોટના સ્વરૂપમાં ૪.૩૫%

લાંબા ગાળા માટે ખુલ્લી ઉપલબ્ધતા તથા ટૂંકા ગાળા માટે ખુલ્લી ઉપલબ્ધતાના કિસ્સામાં રોકડમાં ચૂકવવાપાત્ર પ્રવાહન ચાર્જીસ નીચેની વિગતે રહેશે.

- લાંબા ગાળાના ખુલ્લી ઉપલબ્ધતાના વપરાશકારો — રૂ. ૨૫૧૦/મે.વો./દિન
- ટૂંકા ગાળાની ખુલ્લી ઉપલબ્ધતાના વપરાશકારો — રૂ. ૬૨૮/મે.વો./દિન

(૧/૪ લાંબા ગાળાનો દર = ૧/૪ ૨૫૧૦ = ૬૨૮)

ટૂંકા ગાળાની ખુલ્લી ઉપલબ્ધતાના ચાર્જ આના આધારીત રહેશે.

(ક) એક બ્લોકમાં એક દિવસમાં ૬ કલાક = — રૂ. ૧૫૭/મે.વો.<br>(૧/૪ x લાંબાગાળાનો દર (૧/૪ x ૬૨૮)

(ખ) એક બ્લોકમાં છ કલાકથી વધુ પરંતુ = — રૂ. ૩૧૪/મે.વો. બાર કલાક સુધી<br>(૧/૪ x ટૂંકાગાળાનો દર (૧/૨ x ૬૨૮)

(ગ) એક બ્લોકમાં બાર કલાકથી વધુ પરંતુ ૨૪ કલાક સુધી ટૂંકા ગાળાનો દર = — રૂ. ૬૨૮/મે.વો.

**વ્હીલીંગ ચાર્જીસ :**

જેઓને ખુલ્લી ઉપલભ્યતા મંજુર કરવામાં આવી છે. તેવા ગ્રાહકો અથવા કેપ્ટીવ પાવર પ્લાન્ટ અથવા ઉત્પાદન કંપનીઓ અથવા વિતરણ પધ્ધતિ માટેના લાયસન્સદાર દ્વારા અન્ય લાયસન્સદાર માટે સને ૨૦૦૭-૦૮ ના વર્ષ માટે નીચેની વિગતે વ્હીલીંગ ચાર્જીસ છે.

દર :

સને ૨૦૦૭-૦૮ માટે વ્હીલીંગ ચાર્જીસ : — રૂ. ૬૭૨૧૦/મે.વો./માસ<br>રૂ. ૨૨૦૫/મે.વો. / દિવસ

**વત્તા**

વ્હીલ ઉર્જા ડીલીવરી પોઈન્ટ પર સંબંધિત વોલ્ટેજ સ્તરમાં નીચે મુજબની ખોટ છે.

| પોઈન્ટ ઓફ ઈન્જેકશન | ઉર્જા | ડીલીવરી પોઈન્ટ |
|---|---|---|
| | ૧૧ કે.વી. | ૪૦૦ વોલ્ટસ |
| ૧૧ કેવી, ૨૨ કેવી અને ૩૩ કેવી | ૧૦.૦૧% | ૧૮.૫૭% |
| ૪૦૦ વોલ્ટસ | - | ૯.૫૧% |

ઉર્જાના જે તે સેગમેન્ટના ઈનપુટ સમયે ભારે દબાણ તથા હળવા દબાણના નેટવર્ક માટે અનુક્રમે ૧૦.૦૧% તથા ૯.૫૧% ખોટ રહેશે.

**સામી સહાયકી સરચાર્જ :**

સને ૨૦૦૭-૦૮ ના વર્ષ માટે એચટી/ઈએચટી અને રેલ્વે ટ્રેકશનના ખુલ્લી ઉપલભ્યતાના ઉપભોક્તા માટે સામી સહાયકી સરચાર્જ રૂ. ૧.૩૫/પ્રતિ યુનિટથી ફેરફાંર કરીને રૂ. ૧.૦૦/પ્રતિ યુનિટના દરે આયોગે મંજુર રાખી છે.


(ડ) **અરજીઓ અને અપીલમાં આયોગે આપેલા ચૂકાદા/હુકમો અને જાહેર કરેલા એવોર્ડસ :**

સને ૨૦૦૭-૦૮ દરમિયાન આયોગ સમક્ષ કુલ ૫૧ અરજીઓ હતી જે પૈકી ૩૨ અરજીઓ અગાઉના વર્ષની બાકી ખેંચાયેલ હતી જ્યારે ૧૯ અરજીઓ સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં આયોગ સમક્ષ રજૂ થયેલ હતી. જે પૈકી સને ૨૦૦૭-૦૮ ના વર્ષમાં ૩૭ અરજીઓનો નિકાલ થયો (પરિશિષ્ટ ૩.૨) અને ૧૪ અરજીઓ પડતર છે. જ્યાં સુધી અપીલને નિસબત છે ત્યાં સુધી આયોગ સમક્ષ કુલ ૩ અપીલ હતી જે પૈકી સને ૨૦૦૭-૦૮ માં ૧ અપીલનો નિકાલ કરવામાં આવ્યો. (પરિશિષ્ટ ૩.૩) અને ૨ અપીલ પડતર છે.


આયોગ સમક્ષ પડતર અરજી તથા અપીલની અદ્યતન સ્થિતિ નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| વિગત | અગાઉના વર્ષથી ખેંચેલ (૨૦૦૭-૦૮) | તા. ૧-૪-૨૦૦૭ થી ૩૧-૩-૨૦૦૮ મળેલ | કુલ | તા. ૧-૪-૨૦૦૭ થી તા. ૩૧-૩-૨૦૦૮ દરમિયાન નિકાલ | ૩૧-૩-૦૮માં ના અંતે પડતર |
|---|---|---|---|---|---|
| અરજીઓ | ૩૨ | ૧૯ | ૫૧ | ૩૭ | ૧૪ |
| અપીલ | ૨ | ૧ | ૩ | ૧ | ૨ |

## અરજીઓ અને અપીલની સ્થિત ૨૦૦૭-૦૮




અરજીઓ




અપીલ

(ગ) વિવાદો અને મતભેદોનો ન્યાય નિર્ણય :

ગ્રાહકોની ફરિયાદોના યોગ્ય નિવારણ માટેની જરૂરીયાતો પિછાણીને ગ્રાહકોની ફરિયાદના નિવારણ માટે ફોરમ સ્થાપવાનું વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ ની કલમ૪૨(૫) માં જરૂરી બન્યું છે. આ ઉપરાંત ફોરમનિર્ણય સામે રજૂઆત કરવા ઓમ્બુડસમેનની કચેરી સ્થાપવાની પણ તેમાં જોગવાઈ છે. ગ્રાહકોની ફરિયાદોના નિવારણ માટે વિતરણ લાયસન્સદાર ઉભા કરે તેવા બીજા કોઈ માર્ગો ઉપરાંત આ વધારાના માર્ગો છે.

ફોરમ નિર્ણય સામેની રજુઆતોના નિરાકરણ માટે કલમ૪૨(૬) અન્વયે વિદ્યુત લોકપાલની કચેરી સ્થાપવાની જોગવાઈ છે. આયોગે પણ વિદ્યુત લોકપાલની કચેરી સ્થાપના કરેલ છે.

આયોગે તા. ૫-૮-૨૦૦૫ ના જાહેરનામા ક્રમાંક જીઈઆરસી/ઓએમબીડી/ટી-II/૧૨૬૮/૨૦૦૫ થી કામચલાઉ રીતે સચિવશ્રી, પી.એસ. શાહની વિદ્યુત લોકપાલ તરીકે નિમણૂંક કરેલ છે. ફોરમના હુકમસામેની રજૂઆત ઓમ્બુડસમેન સમક્ષ કરવામાં આવે છે. ઓમ્બુડસમેન વિનિયમો, ૨૦૦૫ ની સ્થાપના અનુસાર ઓમ્બુડસમેન જરૂરી હુકમો આપે છે સને ૨૦૦૭-૨૦૦૮ ના અનુસાર ઓમ્બુડસમેન કચેરીને મળેલ રજુઆતની વિગતો નીચે મુજબ છે.

| ઓમ્બુડસમેન સમક્ષ નોંધાયેલ રજૂઆતો સંખ્યા | નિકાલ કરેલી રજુઆતોની સંખ્યા | પડતર રજૂઆતની સંખ્યા |
|---|---|---|
| ૫૪ | ૪૬ | ૮ |

**મળેલી રજુઆતોના પ્રકાર અને તેનું ફોરમવાર વિભાજન અનુક્રમે જોડાણ ૩.૪ અને ૩.૫ માં આપેલ છે.**

આયોગ તા. ૨૮-૨-૨૦૦૭ ના હુકમથી વિવિધ વિતરણ લાયસન્સદાર દ્વારા સ્થાપવામાં આવેલ દરેક ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સ્વતંત્ર સભ્યોની નિમણુંક કરેલ છે. સીજીઆરએફના સ્વતંત્ર સભ્યોની મુદત વધુ બે વર્ષ માટે લંબાવવામાં આવેલ છે.

- **લાઈસન્સ આપવા :**

  આયોગને નાણાકીય વર્ષ ૨૦૦૭-૦૮ દરમ્યાન (૧) વિદ્યુત વ્યાપાર તથા (૨) વિદ્યુત પ્રવાહન માટેના લાયસન્સ અંગે અરજીઓ મળેલ હતી. ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન મળેલ લાયસન્સ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અરજી નં. | અરજી તારીખ | શેના માટે અરજી કરેલ છે. | અરજદારની વિગત |
|---|---|---|---|
| એલએ-૧/૨૦૦૭ | ૧૨-૧૧-૨૦૦૭ | વિદ્યુત વ્યાપાર લાયસન્સ | મે/ગ્લોબલ એનર્જી લિ. |
| એલએ-૨/૨૦૦૮ | ૨૮-૧-૨૦૦૮ | પ્રવાહન લાયસન્સ | મે. સુઝલોન પાવર ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. |

**રાજ્ય સલાહકાર સમિતિ અને તેના કાર્યો :**

વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ની કલમ-૮૭ હેઠળ રચાયેલી રાજ્ય સલાહકાર સમિતિની રચના કરવામાં આવેલ છે. ગુજરાતના ઉર્જા સેકટરમાં વાણિજ્ય, ઉદ્યોગ, પરિવહન, કૃષિ, ગ્રાહકો, બિનસરકારી સંગઠનો, શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓના હિતનું પ્રતિનિધિત્વ કરે છે. સલાહકાર સમિતિ નીચેની બાબતો પરત્વે આયોગને સલાહ આપે છે.

(૧) નીતિના મુખ્ય પ્રશ્નો

(૨) લાયસન્સદારોએ આપેલી સેવાના ગુણવત્તા, સાતત્ય અને વિનિયમોને લગતી બાબતો.

(૩) લાયસન્સદારનું તેમના લાઈસન્સની શરતો અને જરૂરીયાતોનું પાલન.

(૪) ગ્રાહકોના હિતનું રક્ષણ :

(૫) વિદ્યુત પુરવઠો અને ઉપયોગિતાવાર કામગીરીનું સમગ્ર ધોરણ:

તા. ૧૮-૧૨-૨૦૦૭ ના રોજ આયોગે રાજ્ય સલાહકાર સમિતિની બેઠક યોજી હતી. બેઠક દરમિયાન તત્કાલીન ગુજરાત વિદ્યુત બોર્ડની છ વિભાજિત (unbundled) ઉપયોગિતાએ રજૂ કરેલી વાર્ષિક મહેસૂલી જરૂરિયાતો, વિનિયમોનું આખરીકરણ તથા કામગીરીના ધારાધોરણ વિ. અંગે વિગતવાર ચર્ચા થઈ હતી.

**આયોગે કરેલ અન્ય કામો :**

વિવિધ વિતરણ લાયસન્સદારે રચેલા ગ્રાહક તકરાર નિવારણ ફોરમની બેઠક યોજી હતી. જેમાં સ્વતંત્ર સભ્યોએ પણ ભાગ લીધેલ હતો.

આયોગે તા. છઠ્ઠી જુન ૨૦૦૭ ના રોજ વિવિધ વિતરણ લાયસન્સદારોના એમડી/સીઈઓ/ચેરમેન સાથે બેઠક યોજી હતી. જેમાં તકરાર નિવારણ માટે માળખું વધુ સુદૃઢ કરવું, કામગીરીના ધારાધોરણો, ઉર્જાકાર્યક્ષમતાને લગતી પ્રવૃત્તિઓ તથા માંગલક્ષી વ્યવસ્થાપન, વિદ્યુત ચોરી નિવારણ તથા વિદ્યુતના અનઅધિકૃત વપરાશ વિ. મુદ્દાઓની ચર્ચા થઈ હતી.

આયોગે સંસદીય ખડી સમિતિની બેઠકમાં હાજરી આપી હતી. અને મુલાકાતે આવેલ સમિતિ સમક્ષ તા. ૨૯ મી જાન્યુઆરી ૨૦૦૮ ના રોજ આયોગની પ્રવૃત્તિઓ વિષે નિદર્શન કરેલ હતું.

**તાલીમ કાર્યક્રમો :**

આયોગના કર્મચારીઓએ નીચેના જુદા જુદા તાલીમકાર્યક્રમોમાં હાજરી આપી હતી.

| કાર્યક્રમ/ તાલીમની વિગત | તારીખ | હાજરી આપનાર |
|---|---|---|
| વિતરણ વેપારમાં નાણાંકીય વ્યવસ્થા<br>ઈ.એસ.આઈ.સી. હૈદ્રાબાદ | ૨૪-૭-૦૭ થી<br>૨૬-૭-૦૭ | શ્રી ડી.આર. પરમાર કાર્યપાલક |
| વિદ્યુત મહેસુલ સુરક્ષા અંગે તાલીમશિબિર<br>યાદવ મેઝરમેન્ટ પ્રા. લી. ઉદયપુર | ૨૬-૧૧-૦૭ થી<br>૩૦-૧૧-૦૭ | શ્રીમતિ અલ્પના એસ.દાણી<br>સ્ટાફ ઓફિસર |
| પુરવઠા અને સેવાની ગુણવત્તા અને કામગીરીના ધારાધોરણ | ૧૮-૨-૦૮ થી | શ્રીમતિ ધરતી એસ. મહેતા કાર્યપાલક |

**ભારતીય નિયંત્રક ફોરમની બેઠકો - આયોગની મુલાકાત.**

જુદા જુદા રાજ્યોમાં વિદ્યુતના સુધારામાં નિયંત્રણ વિકાસ અંગે ચર્ચા કરવા, આયોગે નીચેની તારીખે ભારતીય નિયંત્રકોના ફરોમની નીચેની ત્રણ બેઠકમાં હાજરી આપી હતી.

| ભારતીય નિયંત્રણ ફોરમની બેઠક | તારીખ | હાજર રહેનાર |
|---|---|---|
| ૨૦ મી જનરલ બોડી મીટીંગ<br>(રામનગર) | તા.૯-૪-૦૭ થી<br>તા.૧૦-૪-૦૭ | શ્રી જી. સુબ્બારાવ (અધ્યક્ષ)<br>શ્રી કે.પી. ગુપ્તા (સભ્ય)<br>શ્રી ડો. મનમોહન (સભ્ય) |
| ૮ મી એજી એમ. જનરલ બોડી મીટીંગ<br>(નવી દિલ્હી) | તા.૭-૬-૨૦૦૭ | શ્રી જી. સુબ્બારાવ (અધ્યક્ષ)<br>શ્રી કે.પી. ગુપ્તા (સભ્ય)<br>શ્રી ડો. મનમોહન (સભ્ય) |
| ૨૨ મી જનરલ બોડી મીટીંગ<br>(રાંચી) | તા.૨૯-૨-૦૮ થી<br>તા.૧-૩-૦૮ | શ્રી કે.પી. ગુપ્તા (સભ્ય)<br>ડૉ. મનમોહન (સભ્ય) |

**ભારતીય નિયંત્રકોની ૨૧ મી સામાન્ય મીટીંગ યોજવા અંગે :**

આયોગે તા. ૪-૮ ઓકટોબર, ૨૦૦૭ દરમિયાન કેમ્બે સ્પા. એન્ડ રિસોર્ટ, ગાંધીનગર ખાતે ભારતીય નિયંત્રકોની સામાન્ય સભાની બેઠક યોજી હતી.

રાજ્ય કક્ષાના ઉર્જા મંત્રીશ્રી સૌરભ પટેલે આ પ્રસંગે પરંપરાગત શૈલી અનુસાર દીપ પ્રગટાવી ઉદ્ઘાટન કર્યું હતું.

બાદમાં તેઓએ પોતાના પ્રભાવશાળી વક્તવ્યમાં ગુજરાતે ઉર્જા સુરક્ષા અંગે લીધેલા દીર્ઘદ્રષ્ટિવાળા તથા સાહસિક પગલાં તથા ઉર્જા સુરક્ષા ક્ષેત્રે મેળવેલી સિદ્ધિઓ વર્ણવી હતી.

તદ્દુપરાંત તેઓએ વિવિધ રાજ્યે હાથ ધરેલા વિવિધ પ્રકલ્પો તેના અમલીકરણ વિશે મહત્વના પાસાંની જાણકારી આપી હતી. જેના થકી ગુજરાત ભવિષ્યમાં ફક્ત ભારતનું જ નહીં પરંતુ વિશ્વનું ઉર્જાનું કેન્દ્ર બની રહેશે તેમ જણાવ્યું હતું.

ભારતીય નિયંત્રકોએ બેઠકમાં વિનયમોને લગતાં વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. આયોગે સ્પર્ધાત્મક બોલીના ક્ષેત્રમાં ગુજરાતના અનુભવ અંગે નિદર્શન કર્યું હતું. ત્રાહિત પક્ષ દ્વારા મીટર ચકાસણી અંગે સંસ્થાકીય અનુભવો અને અધિકૃત પરવાના મોડેલ અને ગ્રાહક જાગૃતિ જેવી બાબતો પણ ચર્ચવામાં આવેલ હતી.

## ૪. વાર્ષિક હિસાબી પત્રક

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
## નાણાંકિય પત્રક

૩૧ મી માર્ચ ૨૦૦૮ ના રોજ મુજબ સરવૈયું

| | રકમ રૂા. | |
|---|---|---|
| **કોર્પસ/મૂડી ફંડ અને જવાબદાર** | ૨૦૦૭-૦૮ | ૨૦૦૬-૦૭ |
| કોર્પસ/ગુ.વિ.નિ. આયોગ મૂડી મંડ | ૧૭,૫૦,૦૦,૦૦૦.૦૦ | ૧૨,૫૦,૦૬,૩૩૦.૫૨ |
| અનામત અને પુરાંત | ૧,૩૫,૧૪,૬૭૬.૩૩ | ૧,૨૬,૨૭,૫૧૦.૯૫ |
| અંકીત દેણગી ફંડ | ૦.૦૦ | ૦.૦૦ |
| તારણવાળી લોન અને ઉછીના નાંણા | ૦.૦૦ | ૦.૦૦ |
| તારણવિનાની લોન અને ઉછીના નાંણા | ૦.૦૦ | ૦.૦૦ |
| વિલંબીત ધિરાણ જવાબદારીઓ | ૦.૦૦ | ૦.૦૦ |
| ચાલુ જવાબદારીઓ અને જોગવાઈઓ | ૨૪,૦૦,૧૩૩.૬૫ | ૦.૦૦ |
| **સરવાળો** | ૧૯,૦૯,૧૪,૮૦૯.૯૮ | ૧૩,૭૬,૩૩,૮૪૧.૪૭ |
| **અસ્કયામતો** | | |
| સ્થાયી અસ્કયામતો | ૪૫,૫૧,૮૧૦.૨૧ | ૫૩,૪૧,૦૮૬.૨૧ |
| અંકિત/દેણગી ફંડોમાંથી મૂડીરોકાણ | ૦.૦૦ | ૦.૦૦ |
| મૂડીરોકાણો અન્ય | ૦.૦૦ | ૦.૦૦ |
| ચાલુ અસ્કયામતો, લોન, પેશગીઓ | ૧૮,૬૩,૬૨,૯૯૯.૭૭ | ૧૩,૨૨,૯૨,૭૫૫.૨૬ |
| **સરવાળો** | ૧૯,૦૯,૧૪,૮૦૯.૯૮ | ૧૩,૭૬,૩૩,૮૪૧.૪૭ |

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
Library
No............

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ
## આવક અને ખર્ચનું પત્રક


૩૧ મી માર્ચ ૨૦૦૮ ને રોજ પુરા થતા વર્ષ માટે આવક અને ખર્ચનો હિસાબ

| | રકમ રૂ. | |
|---|---|---|
| આવક | ૨૦૦૭-૦૮ | ૨૦૦૬-૦૭ |
| વેચાણ/સર્વિસમાંથી આવક | ૦.૦૦ | ૦.૦૦ |
| અનુદાન/સહાયકી | ૦.૦૦ | ૦.૦૦ |
| ફી અને ચાર્જ | ૫,૪૫,૧૫,૭૦૯.૪૬ | ૭,૬૭,૭૯,૧૭૫.૦૦ |
| મૂડીરોકાણમાંથી આવક(મૂડીરોકાણ અંગે ફંડ ખાતે તબદીલ કરેલ અંકિત દેણગી ફંડમાંથી આવક) | ૦.૦૦ | ૦.૦૦ |
| રોયલ્ટી, પ્રકાશનો વગેરેમાંથી આવક | ૦.૦૦ | ૦.૦૦ |
| પ્રાપ્ત કરેલ વ્યાજ | ૧,૬૮,૫૦,૪૫૯.૩૧ | ૭૮,૪૨,૦૮૦.૧૨ |
| અન્ય આવક | ૯,૮૯,૯૪૮.૦૦ | ૪૩,૦૬૦.૦૦ |
| તૈયાર માલના સ્ટોકમાં વધારો/ઘટાડો અને ચાલુકામ | ૦.૦૦ | ૦.૦૦ |
| **સરવાળો (ક)** | **૭,૨૩,૫૬,૧૧૬.૭૭** | **૮,૪૬,૬૪,૩૧૫.૧૨** |
| **ખર્ચ :** | | |
| મહેકમખર્ચ | ૧,૧૧,૯૧,૦૪૩.૫૦ | ૭૨,૩૪,૨૬૨.૦૦ |
| અન્ય વહીવટી ખર્ચ વગેરે | ૯૪,૬૫,૫૨૭.૪૧ | ૯૩,૪૯,૯૨૬.૦૦ |
| અનુદાન, સહાયકી વગેરેઅંગે ખર્ચ | ૦.૦૦ | ૦.૦૦ |
| વ્યાજ | ૦.૦૦ | ૦.૦૦ |
| ઘસારો (અનુસૂચિ-૮ ને અનુરૂપ વર્ષને અંતે ચોખ્ખો સરવાળો) | ૮,૧૮,૭૧૧.૦૦ | ૨,૮૨,૮૧૩.૦૦ |
| **સરવાળો (ક)** | **૨,૧૪,૭૫,૨૮૧.૯૧** | **૧,૬૮,૬૭,૦૦૧.૦૦** |
| ખર્ચ અને આવક કરતા વધુ સિલક (ક-ખ) | ૫,૦૮,૮૦, ૮૩૪.૮૬ | ૬,૭૭,૯૭,૩૧૪.૧૨ |
| ખાસ અનામત ખાતે તબદીલી (દરેક નિર્દિષ્ઠ કરવું) | ૪,૯૯,૯૩,૬૬૯.૪૮ | ૬,૦૦,૦૦,૦૦૦.૦૦ |
| સામાન્ય અનામત ખાતે/માંથી તબદીલી | ૮,૮૭,૧૬૫.૩૮ | ૭૭,૯૭,૩૧૪.૧૨ |
| સિલક બાકી જમા હોઈ સરવૈયામાં તબદીલ કરી | ૦.૦૦ | ૦.૦૦ |
| નોંધપાત્ર હિસાબ નીતિ<br>આકસ્મિક જવાબદારીઓ અને હિસાબો પર નોંધો | | |

**જોડાણ ૧.૧**
**આયોગની અંદરના અધિકારીઓ/કર્મચારીઓ**

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર કરેલી જગ્યાઓ | પ્રતિનિયુક્તિ | કરાર પર | કાયમી ધોરણે | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સચિવ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૨ | સંયુક્ત નિયામક | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૩ | કાનૂની સલાહકાર | ૧ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૪ | નાયબ નિયામક | ૫ | ૨ | ૦ | ૨ | ૧ |
| ૫ | હિસાબી અધિકારી | ૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૬ | માહિતી પ્રાદ્યોગિકી વ્યવસ્થાપક | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૭ | અંગત મદદનીશ | ૫ | ૧ | ૦ | ૪ | ૦ |
| ૮ | કાર્યપાલક | ૬ | ૨ | ૦ | ૩ | ૧ |
| ૯ | ડ્રાઈવર | ૫ | ૦ | ૦ | ૫ | ૦ |
| ૧૦ | પટાવાળા | ૪ | ૦ | ૦ | ૪ | ૦ |

**જોડાણ ૧.૨**
**આયોગનો વ્યવસ્થા ચાર્ટ**



### જોડાણ ૨.૧

### ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે અધિસૂચિત કરેલા વિનિયમોની યાદી

| ક્રમ | વિનિયમનું નામ | જાહેરનામા નંબર | જાહેરનામાની તારીખ |
|---|---|---|---|
| ૧ | કામકાજની વ્યવસ્થા | ૦૨/૨૦૦૪ | ૨૫-૮-૦૪ |
| ૨ | ગ્રાહકોની ફરિયાદના નિવારણ માટે ઓમ્બુડઝમેનની સ્થાપના | ૩/૨૦૦૪ | ૨૫-૮-૦૪ |
| ૩ | ગ્રાહકોના ફરિયાદના નિવારણ માટે ફોરમની સ્થાપના | ૪/૨૦૦૪ | ૨૫-૮-૦૪ |
| ૪ | ગ્રિડ સંકેત | ૫/૨૦૦૪ | ૨૫-૮-૦૪ |
| ૫ | વિતરણ સંકેત | ૬/૨૦૦૪ | ૨૫-૮-૦૪ |
| ૬ | અપીલ સત્તાધિકારી વિનીયમો સમક્ષ અપીલ કરવા માટેની કાર્યપદ્ધતિ | ૧/૨૦૦૫ | ૭-૧-૦૫ |
| ૭ | પ્રવાહનું લાઈસન્સ આપવું | ૨/૨૦૦૫ | ૩૦-૩-૨૦૦૫ |
| ૮ | વિદ્યુત વેપારનું લાસન્સ આપવું | ૩/૨૦૦૫ | ૩૦-૩-૨૦૦૫ |
| ૯ | વિદ્યુત વિતરણનું લાયસન્સ આપવું | ૪/૨૦૦૫ | ૩૦-૩-૨૦૦૫ |
| ૧૦ | એસએલડીસી વિનિયમોથી ફી અને ચાર્જ નાંખવા અને ઉઘરાવવા | ૫/૨૦૦૫ | ૩૦-૩-૨૦૦૫ |
| ૧૧ | ફી, દંડ અને ચાર્જ વિનિયમો | ૬/૨૦૦૫ | ૩૦-૩-૨૦૦૫ |
| ૧૨ | વીજશક્તિ વ્યવસ્થાનાં ધોરણ | ૭/૨૦૦૫ | ૩૦-૩-૨૦૦૫ |
| ૧૩ | સલામતી અનામત વિનિયમો | ૮/૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૫ |
| ૧૪ | પુરવઠો પૂરો પાડવામાં કરેલ ખર્ચ અને પરચૂરણ ચાર્જ વસૂલ કરવા લાઈસન્સદારની સત્તા | ૯/૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૫ |
| ૧૫ | વિતરણ લાઈસન્સદારની કામગીરીનું ધોરણ | ૧૦/૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૫ |
| ૧૬ | વિદ્યુત પુરવઠા સંકેત અને તેને લગતી બાબતો | ૧૧/૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૫ |
| ૧૭ | ટેરિફની શરતો | ૧૨/૨૦૦૫ | ૩૧-૩-૨૦૦૫ |
| ૧૮ | ખુલ્લી ઉપલભ્યતા (ઓપન એકસેસ) | ૧૩/૨૦૦૫ | ૨૯-૧૦-૨૦૦૫ |
| ૧૯ | સલાહકારની નિમણુક | ૧૪/૨૦૦૫ | ૨૯-૧૦-૨૦૦૫ |
| ૨૦ | વિતરણ લાઈસન્સદાર દ્વારા સહ-ઉત્પાદન અને રીન્યુ કરવા પાત્ર સંકેતમાંથી વીજ શક્તિની પ્રાપ્તિ | ૧૫/૨૦૦૫ | ૨૯-૧૦-૨૦૦૫ |
| ૨૧ | વિદ્યુત પુરવઠા સંકેત અને સંબંધિત બાબતો (દ્વિતીય સુધારો) | જી.ઈ.આર.સી./ ટેક-૨/૨૦૯૭/૨૦૦૬ | ૨૫-૧૦-૨૦૦૫ |
| ૨૩ | વિતરણ સંકેત (પ્રથમસુધારો) | જી.ઈ.આર.સી. ટેક-૧/૨૨૯૬/૨૦૦૬ | ૨૬-૧૦-૨૦૦૫ |
| ૨૪ | બહુવર્ષીય ટેરીફ માળખું | ૧/૨૦૦૭ | ૨૦-૧૨-૨૦૦૫ |

જોડાણ ૩.૧

૨૦૦૭-૦૮ નાણાકિય વર્ષ દરમ્યાન નિકાલ કરેલ અરજીઓની વિગત.

| અ.નં. | અરજી નં. | રજુ કરનાર | વિષય |
|---|---|---|---|
| ૧ | ૬૫/૨૦૦૨ | સર્ચકેમઈન્ડિયા વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નીગમલિ. | ફીકસ ચાર્જીસના વળતર માટે |
| ૨ | ૦૬૭/૨૦૦૨ | ઉપર મુજબ | બળતણ ચાર્જીસના વળતર માટે |
| ૩ | ૧૭૩/૨૦૦૩ | સુરત ઈલેકટ્રીસીટી કંપની લિ. | મુડી રોકાણની મંજુરી |
| ૪ | ૨૫૯/૨૦૦૩ | ગુજરાત ઉર્જા વિકાસ નિગમલિ. | વીજ ખરીદી કરારની પરવાનગી |
| ૫ | ૮૦૯/૨૦૦૪ | એસ્સાર સ્ટીલ લિ. વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમલિ. | વિદ્યુત પ્રવાહનના નેટવર્કના ઉપયોગ માટેની મંજુરી |
| ૬ | ૮૪૫/૨૦૦૩ | એટોમીક એનર્જી વિરૂદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમલિ. | વ્હીલીંગ પાવર અંગે |
| ૭ | ૯૫૨/૨૦૦૫ | યુ.પી.એલ. વિરુદ્ધ ગુજરાત ઉર્જા વિકાસ નિગમલિ. અને ગુજરાત ઉર્જા પ્રવાહન કંપની લિ. | વિજ વેચાણની મંજુરી માટે |
| ૮ | ૮૫૩/૨૦૦૫ | ઉર્જા અને પેટ્રો વિભાગ | ટેરીફ અને વ્હીલીંગ ચાર્જ માટે |
| ૯ | ૮૫૭/૨૦૦૫ | સુરત ઈલેકટ્રીકટીસીટી કંપની લિ. | મુડી રોકાણની મંજુરી |
| ૧૦ | ૮૫૮/૨૦૦૫ | ટીપી એલ સુરત | ઉપર મુજબ |
| ૧૧ | ૮૬૦/૨૦૦૬ | સર્વ વિતરણ કંપનીએ જેટકો, વિરૂધ્ધ સુરભી ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. અને અન્યો. જી.યુ.વી.એન.એલ. | જુથ કેપ્ટીવ મથક સ્થાપવા સંચાલન અને સમર્પિત પ્રવાહન રેખાઓ અંગેના ખુલાસાઓ |
| ૧૨ | ૮૭૫/૨૦૦૬ | સી.ઈ.આર.એસ. વિરૂદ્ધ ટીપીએલ, અમદાવાદ | વધારાનો નફો પરત આપવા અંગે |
| ૧૩ | ૮૭૮૨૦૦૬ | એસ.સી.સી.ટી. વિરુદ્ધ વિતરણ કંપનીઓ અને ટોરેન્ટ પાવર લિ. | વિદ્યુત પુરવઠા સંકેત માટે |
| ૧૪ | ૮૮૭/૨૦૦૬ | દાવરીયા બ્રધર્સ વિરૂદ્ધ જી.યુ.વી.એન. એલ. જેટકો અને પી.જી.વી.સી.એલ. | વિતરણ લાયસન્સની પરવાનગી માટે |
| ૧૫ | ૮૮૯/૨૦૦૬ | નવિન જોબન પુત્રા વિરૂદ્ધ વિતરણ કંપનીઓ, જી. યુ.વી.એન. એલ. ગુજરાત સરકાર | ખેતીવાડી ટેરીફ માટે |
| ૧૬ | ૮૯૪/૨૦૦૭ | જી.પી.ઈ.સી.એલ. વિરૂદ્ધ જી.યુ.વી.એન.એલ. | હુકમ નં. ૩/૨૦૦૬ ની સમીક્ષા અંગે |

| અ.નં. | અરજી નં. | રજુ કરનાર | વિષય |
|---|---|---|---|
| ૧૭ | ૯૦૨/૨૦૦૭ | નીરમા લિ. વિરૂદ્ધ જેટકો | પ્રવાહન ચાર્જીસના દર ચાર્જ અને શરતોમાં વિવાદ બાબત |
| ૧૮ | ૯૦૩/૨૦૦૭ | જી.એ.સી.એલ. જેટકો એમ.જી.વી.સી.એલ | અરજી નં. ૮૬૨ અને ૮૬૫/૨૦૦૬ ના તા. ૬-૫-૦૬ ના હુકમની સમીક્ષા બાબત. |
| ૧૯ | ૯૦૪/૨૦૦૭ | ટી.પી.એલ. વિરૂદ્ધ જી.યુ.વી.એન.એલ. ડી.જી.વી.સી.એલ., એસ.એલ.ડી.સી. અને ઉર્જા અને પેટ્રોકેમાકલસ વિભાગ | વીજદરની વસુલાત અંગે તા. ૬-૫-૨૦૦૬ ના હુકમની પુર્નસમીક્ષા અંગે |
| ૨૦ | ૯૦૫/૨૦૦૭ | જી.એસ.એફ.સી.એલ. વિરૂદ્ધ જેટકો અને અન્ય | તા. ૬-૫-૦૬ ના હુકમની સમીક્ષા અંગે |
| ૨૧ | ૯૧૦/૨૦૦૭ | યુ.ટી.ઓફ દાદરા નગર હવેલી વિરૂદ્ધજી.યુ.વી.એન.એલ.અનેઅન્ય. | પ્રવાહન દર અંગે |
| ૨૨ | ૯૧૧/૨૦૦૭ | યુ.ટી.ઓફ દમન અને દીવ વિરૂદ્ધ જી.યુ.વી.એન.એલ. અને અન્ય | ઉપર મુજબ |
| ૨૩ | ૯૧૨/૨૦૦૭ | ગુજરાત કૃષિ વીજ ગ્રાહક સુરક્ષા સંઘ વિરૂદ્ધ જી.યુ.વી.એન.એલ.અનેગુજરાતસરકાર | વિતરણ કંપનીઓના પુનઃ એકીકરણ |
| ૨૪ | ૯૧૩/૨૦૦૭ | ટોરેન્ટ પાવર લિ., અમદાવાદ | જી.યુ.વી.એન.એલ. દ્વારા એફપીપી પીએની ચાર્જની વસુલાત અંગે |
| ૨૫ | ૯૧૪/૨૦૦૭ | ઉપર મુજબ | નાણાકિય વર્ષ ૨૦૦૭-૦૮ માટે એકંદર મહેસુલી જરૂરિયાત માટેની અરજી |
| ૨૬ | ૯૧૫/૨૦૦૭ | ઉપર મુજબ | એફપીપીપીએનું ટીપીએલના ગ્રાહકો માટે માળખું તૈયાર કરવા અંગે |
| ૨૭ | ૦૧૭/૨૦૦૭ | સુરત મ્યુનિ. કોર્પો. વિરુદ્ધ ડી.જી.વી.સી.એલ. | જીઈઆરસીના હુકમનો અમલ નહી કરવા શિક્ષાત્મક પગલાં અંગે |
| ૨૮ | ૯૧૮/૨૦૦૭ | સી.ઈ.આર.એસ.અને એસ.ડી.આઈ.એ. વિરુદ્ધ જી.યુ.વી. એન.એલ. અને વિતરણ કંપનીઓ | ગ્રાહકો પાસેથી પુનઃ જોડાણની વસુલાત અંગે |
| ૨૯ | ૯૧૯/૨૦૦૭ | આઈ.બી.પી.આઈ.એલ.વિરૂદ્ધ જી.યુ.વી.એન.એલ. અને અન્યો | બાયોમાસ આધારીત વિજમથકની ટેરીફ મંજુરી |
| ૩૦ | ૯૨૦/૨૦૦૭ | મે.પટેલ પાવર વિરૂદ્ધ જી.યુ.વી.એન.એલ. | ટેરીફ નક્કી કરવા અંગે |
| ૩૧ | ૯૨૨/૨૦૦૭ | જી.એસ.ઈ.સી.એલ. વિરૂદ્ધ જી.યુ.વી.એન.એલ.,સી.ઈ.આર.એસ. | ઉતરાણ પાવર સ્ટેશન માટે પી.પી.એ.ના મંજુર થયેલા એસ.એચ.આરની સુધારણા માટે |

| અ.નં. | અરજી નં. | રજુ કરનાર | વિષય |
|---|---|---|---|
| ૩૨ | ૯૨૩/૨૦૦૭ | જી.યુ.વી.એન.એલ. વિરૂદ્ધ જી.આઈ.પી.સી.એલ. | ઉપર મુજબ |
| ૩૩ | ૯૨૪/૨૦૦૭ | સેલ્કો ઈન્ટરનેશનલ લિ. | ટેરીફ નક્કી કરવા અંગે |
| ૩૪ | ૯૨૫/૨૦૦૭ | જી.એસ.ઈ.સી.એલ. વિરૂદ્ધ જી.યુ.વી.એન.એલ. | વિજ ખરીદી કરાર માટે |
| ૩૫ | ૯૨૬/૨૦૦૭ | અન્સલ પ્રોપર્ટીઝ અને ઈન્ફ્રા. લિ. વિરૂદ્ધ જી.યુ.વી.એન.એલ. | હુકમ નં. ૨ અને ૩/૨૦૦૬ ના સુધારા અંગે. |
| ૩૬ | ૯૨૯/૨૦૦૭ | ફીલીપ્સ કાર્બન બ્લેક લિ. વિરૂદ્ધ એસ.એલ.ડી.સી. અને જેટકો | હુકમ નં. ૩/૨૦૦૬ ની સમીક્ષા અંગે |
| ૩૭ | ૯૩૦/૨૦૦૭ | જેટકો વિરુદ્ધ જી.સી.એલ. | ખુલ્લી ઉપલભ્યતા (ઓપન એસએસ) ના વિનિયમો બાબત. |

**જોડાણ નં. ૩.૨**

**વિદ્યૂત નિરીક્ષકના હુકમસામેની અપીલ નો ૨૦૦૭-૦૮ ના નાણાંકિય વર્ષમાં નિકાલ**

| અ.નં. | અપીલ નંબર | રજુ કરનાર | વિષય |
|---|---|---|---|
| ૧ | ૬૧/૨૦૦૭ | પી.જી.વી.સી.એલ. રાજકોટ વિરૂદ્ધ બી.ઓ.વેકરીયા અને વિદ્યુત નિરીક્ષક રાજકોટ | વિદ્યુત નિરીક્ષકના હુકમસામે અપીલ |

જોડાણ નં. ૩.૩


**૨૦૦૭-૦૮ ના નાણાકીય વર્ષમાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમના હુકમ વિરૂધ્ધની રજૂઆતોની વિગત**

| ફોરમનું નામ | મળેલ રજૂઆતો |
|---|---|
| ટોરેન્ટ પાવર લી. (અમદાવાદ) | ૭ |
| દક્ષિણ ગુજરાત વિજ કંપની લી. | ૮ |
| પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. (ભાવનગર) | ૨૩ |
| મધ્ય ગુજરાત વિજ કંપની લી. | ૬ |
| ઉત્તર ગુજરાત વિજ કંપની લી. | ૩ |
| પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. (ભૂજ) | ૧ |
| પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. (રાજકોટ) | ૫ |
| ટોરેન્ટ પાવર લી. (સુરત) | ૧ |

જોડાણ નં. ૩.૪

**૨૦૦૭-૦૮ ના નાણાકીય વર્ષમાં વિધુત લોકપાલની કચેરીને મળેલ રજૂઆતોના પ્રકાર**

| વિષય | નંબર |
|---|---|
| મીટર ચોકસાઈ, મીટર વાંચન વિ.ના વિવાદો | ૧૭ |
| નવું વિજજોડાણ આપવા બાબત | ૭ |
| સીઝનલ ગ્રાહકોના કિસ્સામાં મીનીમમબીલની બાબત | ૨ |
| જેટકોના પ્રો-રેટા ચાર્જીસ | ૨ |
| સ્વૈચ્છિક જાહેરાત યોજના પછી ખેતીવાડી ગ્રાહકોના લોડ વધારો રદ કરવા બાબત | ૩ |
| એચટીપી-૪ ગ્રાહકોના દંડ બાબત | ૩ |
| કેપ્ટીવ પાવર પ્લાન્ટ તથા ટ્રેકશન ગ્રાહકોના કોન્ટ્રાકટ | ૩ |
| ડીમાન્ડના ભંગ બાબત દંડ અંગે પ્રોત્સાહક યોજના | ૧ |
| વિન્ડ ફાર્મ ધારકોના કિસ્સામાં સીક્યોરીટી ડિપોઝિટમાં ફેરફાર કરવા બાબત | ૧ |
| કલમ-૧૨૬ હેઠળની બાબત કાર્યક્ષેત્ર બહાર બિલ્ડીંગ બાબત | ૨ |
| સીઝનલ ગ્રાહકમાં સમાવેશ કરવા બાબત પીડીસી-પુનઃ જોડાણ | ૪ |
| સ્ટાન્ડર્ડ ઓફ પરફોરમન્સનું પાલન કરવા બાબત અંદાજ બાબત | ૧ |
| નામ ફેરબદલી | ૧ |
| વસૂલવામાં આવેલ વધારાના નાણા પરત કરવા બાબત | ૧ |
| ખોટો ટેરીફ લગાડવા બદલ અપાયેલ પુરવણી બીલ | ૧ |
| કુલ | ૫૪ |



GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION

तमसो मा ज्योतिर्गमय ।

# ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ

Design by : Sobhagya, Ph : 26584264